ગાંધીનગર સમાચાર





# સાબરકાંઠાનું ગૌરવ : દેશના મહાન યોદ્ધા મહારાજા છત્રસાલના જીવન પર વેબસીરીઝ બની

## મનુભાઈ પટેલ અને મહેશભાઈ પટેલનું સન્માન કરાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
આર. એસ. એસ.ના ઉત્તર-પૂર્વ ભારતના




અગ્રણી તથા છત્રસાલ શોધ સમિતિ-મઉ દ્વારા મહારાજા છત્રસાલની પર ફૂટ ઉંચી પ્રતિમા સાથેનું સ્મારક સંકુલ નિર્માણ થયું છે. તાજેતરમાં જ મોહન ભાગવત દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તેવા પવન તિવારી ગૌહતીથી પરોઢે હિંમતનગર પહોંચ્યા હતા. મહેશભાઈ અમીચંદભાઈ પટેલ અને મનુભાઈ અમીચંદભાઈ પટેલની રાહબરીમાં શ્રી પ્રાણનાથ મલ્ટીમીડીયા દ્વારા ભારતના મહાન યોદ્ધા નરવીર કેશરી મહારાજા છત્રસાલના જીવન પર ૨૦ એપિસોડની વેબસીરીઝનું નિર્માણ થયું છે. જેની રજૂઆત મેક્સ પ્લેયર વેબ પ્લેટફોર્મ પર ૨૯ જુલાઈથી રજૂ કરવામાં આવી છે.



આશુતોષ રાણા, જીતીન ગુલાટી, નીના ગુપ્તા તથા મનિષ વાધવા પ્રાણનાથના રોલમાં જોવા મળશે. ડાૅ.પવન તિવારીએ મનુભાઈ અને મહેશભાઈ પટેલના આ રાષ્ટ્ર સેવા કાર્ય બદલ બુંદેલખંડની જનતા વતીથી શાલ અર્પણ કરી સન્માન કર્યુ હતું અને જણાવ્યું કે સમગ્ર બુંદેલખંડની પ્રજા અને ભારત આપની આ સેવાના ઈતિહાસને કાયમ યાદ રાખશે.

# મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના સુશાસનના પાંચ વર્ષ

## બાયડ નગરપાલિકા કક્ષાનો સેવાસેતૂ કાર્યક્રમ યોજાયો : અરજદારોના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના સુશાસનને ૫ વર્ષ પૂરાં થતાં તા.૧ ઑગષ્ટથી ઉજવણી શરૂ થઈ છે તેના ભાગરૂપે તા.૨ ઑગષ્ટના રોજ સંવેદના દિવસ-સેવાસેતૂ કાર્યક્રમ જિલ્લાના અનેક વિસ્તારોમાં યોજવામાં આવ્યા હતા. બાયડ નગરપાલિકા કક્ષાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં અરજદારોના આવક, ક્રિમેલીયર, રેશનકાર્ડ, આધારકાર્ડ, મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના, વિધવા સહાય, વૃદ્ધ નિરાધાર સહાય, આવકના દાખલા, આકારણીપત્ર, બેન્કની યોજનાઓ, યુ.જી.વી.સી.એલ.ની યોજનાઓ સહિતના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ કરવામાં આવ્યું હતું. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, દંડક ભાવનાબેન જોષી, ચીફ ઓફીસર સાવિબેન સોની, બાયડ કેળવણી મંડળના ચેરમેન મોતીભાઈ પટેલ, બાયડ નગરપાલિકા બાંધકામ સમિતિ ચેરમેન, બાયડ દૂધ મંડળીના ચેરમેન ભરતભાઈ પટેલ, પ્રદેશ પૂર્વ ઉપાધ્યક્ષ ચંદ્રીકાબેન પટેલ સહિત કોર્પોરેટરો અને સંગઠન હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

સેવાસેતુ કાર્યક્રમના આરંભે ચીફ ઓફીસર સાવિબેન સોનીએ તમામ આમંત્રિતોને આવકાર્યા હતા ત્યારબાદ સેવાસેતુ કાર્યક્રમનો ઉદ્દેશ્ય જણાવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા વિવિધ લોકઉપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા પ્રજાના પ્રશ્નોના ન્યાયિક, ચોક્કસ અને ઝડપી તથા પારદર્શક ઉકેલ લાવવા માટે સરકારની સૂચના અન્વયે બાયડ નગરપાલિકાના તમામ વોર્ડને આવરી લઈને સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કર્યાનું જણાવ્યું હતું. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે સેવાસેતુ કાર્યક્રમના કારણે એક જ સ્થળે પ્રજાના પડતર પ્રશ્નોના ઉકેલ માટેનો સરકાર દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે જેનો બાયડનગરપાલિકા વિસ્તારની પ્રજાએ મહત્તમ લાભ લેવાનો પ્રયાસ કર્યો છે તે જાણી ખુશાલી વ્યક્ત કરી હતી. તમામ આમંત્રિતોનું બાયડ પાલિકા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.શિક્ષક કિરીટભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ બાયડ પાલિકા ઓફીસ સુપ્રિટેન્ડેન્ટ જી.આઈ. ગુજરાતીએ કર્યું હતું. બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી દિપકભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતિ, બાયડ શહેર ભાજપ સંગઠન મંત્રી હેમંતભાઈ પટેલ, બાયડ શહેર યુવા સંગઠન મહામંત્રી જલદીપ પટેલ, એસ.સી. મોરચાના પ્રમુખ મેહૂલ સોલંકી સહિત અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. સેવાસેતુ કાર્યક્રમને સફળ બનાવવામાં સરકારના વિવિધ વિભાગના અધિકારી અને કર્મચારીઓની સરાહનીય કામગીરી જોવા મળી.

# બાયડમાં જરૂરીયાતમંદ ૩૦૦ મહિલાઓને રાશન કીટનું વિતરણ

## મહિલાઓ ભાવુક બની, અંતરના આશીર્વાદ આપ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
બાયડના ગરીબ પરિવારની ૩૦૦ થી વધુ મહિલાઓને રાશન કીટનું મફત વિતરણ કરાતાં મહિલાઓ ભાવુક બની હતી અને કીટ આપનાર તેમજ તેનું વિતરણ કરનારા યુવાનોને અંતરના આશીર્વાદ આપ્યા હતા. આવનારા દિવસોમાં અન્ય જરૂરીયાતમંદો સુધી પણ રાશનકીટનું વિતરણ થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કોરોનાના કારણે અનેક પરિવારો તબાહ થઈ ગયા છે. રોજગારી મળવાની શરૂઆત થઈ પરંતુ વધતી





મોંઘવારીના કારણે ઝૂંપડાંમાં રહેતા અનેક પરિવારોને બે ટંક ભોજન નસીબ થતું નથી. અરવલ્લી જિલ્લાના અનેક ગામડાઓ સુધી પહોંચી અંધજન મંડળ વસ્ત્રાપુર તથા એકલ વિદ્યાલયના સહયોગથી રાશન કીટનું મફત વિતરણ શરૂ કર્યું છે જેના ભાગરૂપે બાયડમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરો કાર્તિક પટેલ, ગીરીશભાઈ દરજી વગેરે દ્વારા સ્થાનિક સ્વયંસેવકોને સાથે રાખી બાયડના હેર, ભૂખેલરોડ, રવિપાર્ક, લાખેશ્વરી, આંબેડકર ચોક, ઠાકોરવાસ, પ્રજાપતિવાસ, રાવળવાસ, મલાણીયા, નવીનગરી, જૂનીનગરી, કાંસનાં છાપરાં, અદાના છાપરાંમાં રહેતાં વિધવા, માતા, બહેનો અને દિવ્યાંગ હોય તેવા પરિવારોને રાશનકીટનું વિતરણ કર્યું હતું.

# મોડાસા ખાતે રાજય સરકારના પાંચ વર્ષની ઉજવણી સંદર્ભે ''સંવેદના દિવસ''ની ઉજવણી

## કોરોના કાળમાં વાલીથી વંચિત થયેલા ૨૫ બાળકો સાથે ભોજન લઇ શૈક્ષણિક કીટ અપાઇ

બાયડ તા.૨
સમગ્ર રાજયમાં રાજય સરકારના પાંચ વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં ૨જી ઓગસ્ટના રોજ સંવેદના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર રાજયમાં તાલુકા અને, નગરપાલિકા કક્ષાએ એક સેવા સેતુ તથા મહાનગરપાલિકા કક્ષાએ પ્રત્યેક ઝોન દીઠ એક વોર્ડ મળી ૫૦૦થી વધુ સ્થળોએ સેવા સેતુ કાર્યક્રમો યોજાયો હતો.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના નગરપાલિકા ખાતે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર તથા જીલ્લા અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંવેદના દિવસની ઉજવણી સંદર્ભે અરવલ્લીના ૬ તાલુકા મથક તથા બે શહેરી સ્થળોએ સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો તેની સાથે જિલ્લામાં કોરોના કાળમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર ૨૫ નિરાધાર બાળકોને સાથે ભોજન લઈ તેમને શૈક્ષણિક કીટ અપર્ણ કરાઇ હતી.

આ પ્રસંગે મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસારે જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના યશસ્વી નેતૃતવમાં રાજ્ય સરકારે પાંચ વર્ષના કાર્યકાળના ઉજવણી અંતર્ગત સોમવારના ૨જી ઓગસ્ટના દિવસને સમગ્ર રાજ્યમાં સંવેદના દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. જેમાં સરકાર દ્વારા અનેક યોજનાઓ જેવી કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, વૃદ્ધ નિરાધાર સહાય, મુખ્યમંત્રી બાળ સેવા યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન સહાય, સુકન્યા સમૃદ્ધિ યોજના,આંબેડકર યોજના જેવી ૫૭ યોજનાઓ હેઠળ ગરીબ-વંચિત તમામ વર્ગના લાભાર્થીઓને સરકારની સહાયની યોજનાથી લાભાન્વિત કરાશે.

સેવા સેતુના કાર્યક્રમ સાથે કોરોના કાળ દરમિયાન ૧૮ વર્ષથી નીચેના જે બાળકે એક વાલી ગુમાવેલ છે તેવા બાળકને બાળ સહાય યોજના હેઠળ આવરી લઈ દર મહિને રૂ. ૨૦૦૦ની સહાય આપવામાં આવશે આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજયમાં મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો પ્રારંભ થકી કોરોનાની મહામારી દરમિયાન મા-બાપ ગુમાવી નિરાધાર બનેલા અરવલ્લી જિલ્લાના ૨૬ બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત પ્રતિ બાળક દીઠ રૂ ૪૦૦૦ની સહાય રાજય સરકાર દ્વારા પુરી પાડવામાં આવી રહી છે.

આ પ્રસંગે મોડાસા પ્રાંત અધિકારીશ્રી મયંક પટેલ, મોડાસા મામલતદારશ્રી ગઢવી, બાળ સુરક્ષા અધિકારીશ્રી બિહોલા, અધિકારીશ્રીઓ તથા બાળકો સોશિયલ ડિસ્ટન્સ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડ પરિણામ : આકરુન્દ હાઈસ્કુલનું ધો. ૧૨ સામાન્ય-કોમર્સ પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહના રેગ્યુલર છાત્રોનું કોરોનાના કારણે માસ પ્રમોશન સાથે ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. ધનસુરા તાલુકાના આકરૂન્દ હાઈસ્કુલનું ધો.૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા પરિણામ



આવ્યું છે.

માસ પ્રમોશનના કારણે તમામ વિદ્યાર્થીઓ ઉપલા વર્ગમાં ગયા છે પરંતુ માસ પ્રમોશનનો નિર્ણય અનેક વિદ્યાર્થી-વાલીઓને ગમ્યો નથી તે કડવી વાસ્તવિક્તા છે. માસ પ્રમોશનના કારણે આગામી ૨ વર્ષ પછી અનેક શૈક્ષણિક સંસ્થાઓનાં બોર્ડ પરિણામમાં ધબડકો વળવાની સંભાવના છે. કેળવણીકારોએ પણ શિક્ષણ વિભાગના ખાસ કરીને ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને માસ પ્રમોશન આપવાના નિર્ણયને અયોગ્ય ઠેરવ્યો હતો. આકરૂન્દ હાઈસ્કુલના ધો.૧૨ સામાન્ય પ્રવાહના તમામ રેગ્યુલર છાત્રો ઉત્તિર્ણ થતાં શાળાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. તમામ ઉત્તિર્ણ થયેલા છાત્રોને શાળાના આચાર્ય તથા સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં મુખ્યમંત્રીના જન્મ દિવસને યાદગાર બનાવવા અનેક કાર્યક્રમો યોજાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસ નિમિત્તે અરવલ્લી જિલ્લામાં અનેક કાર્યક્રમોનું સોમવારે આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧ થી ૯ ઑગષ્ટ દરમ્યાન રાજયની ભાજપ સરકારના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના સુશાસનને ૫ વર્ષ પૂરા થતાં ગત રોજ જ્ઞાનશક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે તા.૨ ઑગષ્ટના રોજ સંવેદના દિવસ નિમિત્તે પાલિકા વિસ્તારો અને તાલુકા મથકોએ સેવાસેતુ કાર્યક્રમ આયોજન થયું જોગાનુંજોગ તા.૨ ઑગષ્ટના રોજ મુખ્ય મંત્રીના જન્મ દીવસ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ બાયડ તાલુકા દ્વારા મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મ દિવસે




તેમના દિર્ઘાયુષ્ય અને ગુજરાતના કલ્યાણ માટે સત્યનારાયણ ભગવાનની કથાનું ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાયડ શહેર ભાજપ સંગઠન હોદ્દેદારો તેમજ બાયડ નગરપાલિકાના પદાધિકારી તેમજ કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા. બાયડ તાલુકા સ્વામિ વિવેકાનંદ યુવા બોર્ડના પ્રમુખ મિતેષ પટેલ સહિત બોર્ડના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દેમતીમેરા પ્રાથમિક શાળામાં જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસનું લોકાર્પણ

## અંતરીયાળ વિસ્તારમાં ડીજીટલ શિક્ષણના દ્વાર ખૂલ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨
પોશીના તાલુકાની દેમતીમેરા પ્રા.શાળામાં ધો.૭-૮ના



૨ વર્ગમાં જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસનું લોકાર્પણ શાળા એસ.એમ.સી. કમીટીના અધ્યક્ષ લક્ષ્મણભાઈ જોરાભાઈ પરમારના હસ્તે યોજવામાં આવતાં અંતરીયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ડીઝીટલ શિક્ષણના દ્વાર ખોલવાની આશા જાગી છે.

રાજ્ય સરકાર દ્વારા તા.૧ ઑગષ્ટથી રાજયભરમાં શિક્ષણક્ષેત્રે થયેલ કામગીરીના સંદર્ભમાં જ્ઞાનશક્તિ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દેમતીમેરા પ્રા.શાળાના ૨ વર્ગોનો જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસમાં સમાવેશ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય મનિષભાઈ પ્રજાપતિ, મદદનીશ શિક્ષક અતુલભાઈ ડામોર દ્વારા તેની સમજ આપી વિદ્યાર્થીઓને ડીઝીટલ શિક્ષણથી માહિતગાર કરવામાં આવ્યા હતા. અંતરીયાળ વિસ્તારની પ્રા.શાળાના ૨ વર્ગો ડીઝીટલ બનાવવામાં આવતાં આગામી સમયમાં આદિવાસી વિસ્તારમાં વધુ સારા શિક્ષણની આશા ઉજળી બની છે.

# મોડાસા ખાતે ૪ ઓગસ્ટના રોજ મહિલા તથા ૫ ઓગસ્ટના રોજ પુરુષોની સ્પર્ધા યોજાશે

## ૩૧ જુલાઇ ૨૦૦૧ પહેલાં જન્મેલા પહેલા ખેલાડીઓ જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે

રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સીનીયર એથ્લેટીકસ જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજનાર છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયના તમામ જીલ્લાઓમાં ૩ ઓગસ્ટ થી ૫ ઓગસ્ટ-૨૧ દરમ્યાન એથ્લેટીકસ રમતની સીનીયર પુરુષો અને મહિલા એથ્લેટીકસની ૧૦૦ મી, ૨૦૦ મી, ૪૦૦ મી, ૮૦૦ મી અને ૧૫૦૦ મી દોડની સ્પર્ધા યોજનાર છે.

અરવલ્લી જીલ્લા ખાતે ૪ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ મહિલાની અને ૫ ઓગસ્ટના રોજ પુરુષોની સ્પર્ધા સવારે ૦૮.૦૦ કલાકે ડી.એલ. એસ.એસ જે.બી.શાહ સ્કુલ મોડાસા (DLSS કોલેજ ગ્રાઉન્ડ, મોડાસા) ખાતે યોજાશે.

જેમાં જિલ્લા કક્ષા ઈવેન્ટમાં પ્રથમ આવનાર ખેલાડી રાજય કક્ષાએ રમવા જશે. મહિલા માટે ૭ ઓગસ્ટ-૨૦૨૧ અને પુરુષ માટે ૯ ઓગસ્ટ-૨૦૨૧ ના રોજ રાજય કક્ષાની સ્પર્ધા હિંમતનગર રમત સંકુલ (સાબરકાંઠા) ખાતે યોજવામાં આવશે. રસ ધરાવતા ખેલાડીઓને ભાગ લેવા માગતા ઉમેદવારો ૩૧ જુલાઈ ૨૦૦૧ પહેલા જન્મેલા હોવા જોઈએ, જન્મના પુરાવા માટે આધાર કાર્ડ અને પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે લઈને આવવાનુ રહેશે, એક ખેલાડી માત્ર બે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે, વધુ માહિતી માટે 'જિલ્લા સીનીયર કોચ કચેરી મોડાસા, અરવલ્લીના ફોનનં ૦૨૭૭૪-૨૪૯૭૯૬' પર સંપર્ક કરવો.

# યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા સંચાલિત

# હજીયાની મરિયમબેન બાબુભાઈ ટાઢા અલ્ફેશાની હોસ્પિટલમાં ૪૦,૦૦૦ કેસ પુરા થતાં સમારંભ યોજાયો

બાયડ તા.૨
અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે યુનિટી જન સેવા ટ્રસ્ટ મોડાસા સંચાલિત હજીયાની



મરિયમબેન બાબુભાઈ ટાઢા અલ્ફેશાની હોસ્પિટલ ની સ્થાપના ૫ ઓક્ટોબર ૨૦૨૦ માં થઈ હતી અને ૩૧ મી જુલાઈ ૨૦૨૧ ના રોજ કેસ ૪૦,૦૦૦ સુધી પહોંચ્યા છે. આ હોસ્પિટલ ના મેડિકલ ઓફિસર ડૉક્ટર જાસ્મિનબેન પહોંચીયા ને સુંદર કામગીરી કરવા બદલ હોસ્પિટલ ના દાતા દાનવીર જનાબ બાબુભાઈ ટાઢા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. તથા ફિજીયોથેરાપી વિભાગના ડૉક્ટર સારા ગાંચી, આસી. ઈમામુલ પટેલ ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા, સ્ટાફ મિત્રો અકીલ મસ્તાન, સકીનાબેન ઈપ્રોલીયા, સાનિયાબેન કુસકીવાલા, શિફાબેન કાંકરોલીયા, લેબોરેટરી ટેક્નિશિયન જેકી ચૌધરી, તમામ સભ્યોનો સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં હજીયાની મરિયમબેન બાબુભાઈ ટાઢા અલ્ફેશાની હોસ્પિટલ જેમના નામથી આ હોસ્પિટલ ચાલે છે તેમના માટે તંદુરસતી માટે પ્રાર્થના કરવામાં આવી હતી. અલ્ફેશાની હોસ્પિટલ હોસ્પિટલ ના દાતા દાનવીર જેવો હર હંમેશ આર્થિક રીતે મદદરૂપ માટે ઉભા રહેનાર જનાબ બાબુભાઈ ટાઢા સાહેબ નું. સન્માન યુનિટી જન સેવા ટ્રસ્ટ તમામ કારોબારી સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યો હતો. બાબુભાઈ ટાઢા સાહેબ એ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે ખરેખર વહીવટકર્તા અને મેડિકલ સ્ટાફ ખુબ જ મહેનત કરે છે. હોસ્પિટલ ના ચેરમેન ઉસ્માનગની મનવા સાહેબ હોસ્પિટલ ને આધુનિક હોસ્પિટલ બનાવવા ની ચર્ચા કરી હતી.

અલફેસાની હોસ્પિટલ ના સેક્રેટરી સલીમભાઈ પટેલ એ જણાવેલ કે પ્રાથમિક રોગ સારવારમાં ૪૦,૦૦૦ કેસ, ફિજીયોથેરાપી માં ૧૩૮૨, લેબોરેટરી માં ૫૨૩૬ કેસ પુરા થયેલ છે. આ હોસ્પિટલ માં રૂપિયા ૧૦/- ની ફી માં દવા, ઈક્રેકશન, બોટલ, સાથે પ્રાથમિક રોગ સારવાર કરવામાં આવે છે. લેબોરેટરી માં ટેસ્ટ વાઈઝ ૧૦/- રૂપિયા તથા ફિજીયોથેરાપી માં પણ રૂપિયા ૧૦/- કેસ ફી લેવામાં આવેલ છે. કોરોના ના સમયમાં લોકોને આ હોસ્પિટલ ખુબ જ મદદરૂપ બની રહે હતી અને આજે પણ લોકો સારા એવા પ્રમાણ માં આ અલ્ફેશની હોસ્પિટલ નો લાભ લે છે . આ પ્રસંગે યુનિટી જન સેવા ટ્રસ્ટ ના પ્રમુખ ગુલામમોહમ્મદ ભૂરા, ઉપપ્રમુખ સલીમભાઈ સાબલીયા, સેક્રેટરી રઈશભાઈ મોડાસીયા તથા યુનિટી ના તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હોસ્પિટલ ચેરમેન ઉસ્માનભાઈ મનવા, હોસ્પિટલ સેક્રેટરી સલીમભાઈ પટેલ, સિરાજભાઈ સુથાર એ સુંદર કામગીરી કરી પ્રોગ્રામ ને સફળ બનાવ્યો હતો.

# સીરો સર્વે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ માટેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં સીરો સર્વે પ્રથમવાર હાથ ધરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં હાલ કોરોના સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. આજના અહેવાલો પ્રમાણે જિલ્લામાં હવે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની બીજી લ્હેર તેની સમાપ્તી તરફ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૮ દિવસથી એક પણ કેસ નોંધાયો નથી તો શહેરમાં પણ છુટા છવાયા એકાદ બે કેસને બાદ કરતાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને છેલ્લા બે દિવસથી એક પણ કેસ નોંધાયો નથી.

જિલ્લામાં વેક્સિનેશન અભિયાન પણ ઝડપભેર આગળ વધી રહ્યુ છે. સેમ્પલ લેનારે વેક્સિન લીધી કે કેમ ? ક્યારે લીધી તે પણ તેના રિપોર્ટમાં ઉલ્લેખ કરવાનો છે. જે નોંધનીય છે. જિલ્લામાં આજે માત્ર ૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

# ડીસાની સંત અન્ના સ્કૂલ નજીકથી બાઈકની ઉઠાંતરી

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં છેલ્લા ઘણા સમયથી પર પ્રાંતીય બાઈક ચોર ટોળકી અવારનવાર દાવ અજમાવે છે ત્યારે શહેરની સંત અન્ના સ્કુલ નજીકથી વધુ એક બાઈક ચોરાયું છે. બાઈક ચોરીની વિગતો જોતા શહેરના શ્રીનગર વિસ્તારમાં રહેતા ભરતભાઈ હસમુખલાલ શ્રીમાળી ગત શુક્રવારે પોતાની માલિકીનું બજાજ પલ્સર બાઈક સંત અન્ના સ્કૂલ નજીક પાર્ક કરી નજીકમાં પૈસા લેવા માટે ગયા હતા અને થોડીવારમાં પરત આવતા ત્યાં પાર્ક કરેલું બાઈક જોવા મળ્યું ન હતું. આસપાસમાં તપાસ કરતા બાઈક મળી ન આવતા તેમને બાઈક ચોરાયું હોય તેવું ધ્યાને આવ્યું હતું.